પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૩ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૮, મંગળવાર ; મહા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રાજસ્થાન સરકાર ખેડૂતોનુ દેવુ માફ કરશે

વિધાનસભા ચૂંટણી પહેલા રાજસ્થાન સરકારે લોકોને પ્રલોભન આપતુ બજેટ રજુ કર્યુ છે. રાજસ્થાન સરકાર ખેડૂતોના ૮ હજાર કરોડનું દેવુ માફ કરશે. ખેડૂતો ખુશખુશાલ બની ગયા છે.

### લશ્કરે તોયબાએ હૂમલાની જવાબદારી સ્વીકારી

શ્રીનગર વિસ્તારમાં આતંકી હૂમલાની જવાબદારી લશ્કરે તોયબાએ સ્વીકારી છે.

### લોયા કેસ સુપ્રિમમાં ચાલશે

જસ્ટીસ લોયા મૃત્યુ કેસ હવે સુપ્રિમમાં ચાલશે. વરીષ્ઠ એડવોકેટ મુકુલ રોહતગીએ સુપ્રિમ કોર્ટની લોબીમાંથી પસાર થતાં આ વાત કરી હતી.

### તાજમહેલની નજીક ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

તાજમહાલની નજીક ડ્રોન ઉડાડવાનું તમને જેલના સળિયા પાછળ પહોંચાડી શકે છે. પોલીસે તાજમહાલની નજીક ડ્રોન ઉડાડનારાઓ વિરુદ્ધ કેસ દાખલ કરવાનો નિર્ણય લીધો છે.

# સીઆરપીએફ કેમ્પ પર આતંકી હુમલો

## વ્યાપક કોમ્બિંગ ઓપરેશન : કેમ્પ પર હુમલો કરી ત્રાસવાદીઓ ફરાર : એક જવાન શહીદ

જમ્મુ,તા. ૧૨

જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેનાના છેલ્લા કેટલાક મહિનાથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામ સ્વરુપે હચમચી ઉઠેલા અને દહેશતમાં મુકાયેલા આતંકવાદીઓ હવે તેમની હાજરી પુરવાર કરવા હુમલાઓ વધારી રહ્યા છે. સેના અને તેમના પરિવારના સભ્યોને ટાર્ગેટ બનાવીને હુમલા ત્રાસવાદીઓએ વધારી દેતા સેનાના જવાનો વધુ આક્રમક કાર્યવાહી કરવા માટે તૈયારી કરી ચુકી છે. સુંજુવાન કેમ્પમાં ક્લિનિંગ ઓપરેશન વચ્ચે શ્રીનગરમાં ફરી એકવાર ત્રાસવાદીઓએ સીઆરપીએફ કેમ્પમાં હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં એક જવાન શહીદ થયો છે. શ્રીનગરના કરણનગરમાં સીઆરપીએફ કેમ્પ ઉપર આ હુમલો કરાયો હતો. ત્રાસવાદીઓ કેમ્પમાં ઘુસવામાં સફળ રહ્યા ન હતા પરંતુ નજીકની બિલ્ડિંગમાં ઘુસી ગયા હતા. અહીં તમામ પાંચ પરિવારોને બચાવી લેવાયા છે. બીજી બાજુ જૈશે મોહમ્મદના ત્રાસવાદીઓ દ્વારા સેનાના કેમ્પ ઉપર કરવામાં આવેલા હુમલા બાદ સુરક્ષા જવાનો વધુ સાવધાન થયેલા છે. શનિવારના દિવસે વહેલી પરોઢે જમ્મુ-પઠાણકોટ માર્ગ પર સુંજુવાન આર્મી કેમ્પમાં ત્રાસવાદી

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીર-હિમાચલમાં પુનઃ હિમવર્ષા

નવી દિલ્હી,તા. ૧૨

જમ્મુકાશ્મીર અને હિમાચલપ્રદેશમાં ફરી એકવાર નવેસરથી હિમવર્ષાના કારણે જનજીવન પર પ્રતિકુળ અસર થઇ છે. હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઇ ગઇ છે. બન્ને રાજ્યોમાં હિમવર્ષાના કારણે તેની સીધી અસર દિલ્હી અને એનસીઆરમાં પણ જોવા મળી રહી છે. બન્ને રાજ્યોમાં તાપમાનમાં ઘટાડો થયો છે. હિમવર્ષાના કારણે જમ્મુ-શ્રીનગર રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. જેના પરિણામસ્વરૂપે મોટી સંખ્યામાં વાહનો અટવાઇ પડ્યા છે. જમ્મુકાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં પહાડી વિસ્તારમાં હિમવર્ષા થવાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઇ ગઇ છે. લઘુતમ તાપમાનમાં પણ ઘટાડો થઇ રહ્યો છે. દેશના મોટા ભાગના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી ઠંડી ઘટી ગઇ હતી. જો કે નવેસરથી હિમવર્ષાના કારણે ઠંડીમાં ફરી વધારો થયો છે. આજે સવારે દિલ્હી અને એનસીઆરના કેટલાક ભાગોમાં હળવો વરસાદ થયો હતો. બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં પણ ફરી હિમવર્ષા થઇ છે. શિમલામાં હિમવર્ષાના કારણે લઘુતમ તાપમાનમાં ઘટાડો થયો છે. જો કે લોકોને મજા પડી ગઇ છે.

પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા
૨૦ વર્ષ થી સફળ અનુભવી આયોજક
- જમીન માર્ગે ,હેલિકોપ્ટર અને વાયા લ્હાસા દ્વારા કૈલાસ યાત્રા
- કઠીન યાત્રાને સુખદ, સરળ અને સંભારણારૂપ બનાવનાર.
- તિબેટ ક્ષેત્રમાં રહેવાની શ્રેષ્ઠ સુવિધા
નિલકંઠ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
અમદાવાદ
www.kailash-yatra.com
99251 25853 • 98981 14646

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

| | |
|---|---|
| લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ |
| ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી |
| ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી |
| કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર |
| સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી |

નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
સેક્ટર-૧૨, ગાંધીનગર
પૂજ્ય સંતો-મહાનુભાવોની ઉપસ્થિતિમાં
શ્રી ઉમા યાત્રિક ભવનના મંગલ પ્રવેશ નિમિત્તે
તા. ૨૫/૨/૨૦૧૮ને રવિવારના શુભ દિને
'લઘુરૂદ્ર' યજ્ઞનું સુંદર આયોજન કરેલ છે.
જુજ પાટલા બાકી હોઈ શિવરાત્રીના શુભદિને નિર્ણય કરી કાર્યાલયમાં રૂબરૂ મળી નામ નોંધાવવા નમ્ર વિનંતી છે.
પત્રિકામાં યજમાનોના નામ છાપવાના હોવાથી તરત સંપર્ક કરશોજી.
ભરતભાઈ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦ ૫૧૯૮૨
ભોળાભાઈ પટેલ, મહામંત્રી, ૯૮૨૪૪ ૦૯૩૨૭

વાઘબકરી ગ્રુપની નવચેતન ચા
સ્વાદમાં દમ, દામ પણ કમ
ખુલ્લી ચા ભૂલી જાઓ, નવચેતન ઘરે લાવો!




1kg ₹210 ₹200/-માત્ર
કડક સ્વાદ
ઉત્તમ રંગ
વધુ કપ
મહાશિવરાત્રીની શુભકામના
Toll Free No: 1800-123-9912

આપના સપનાનું ઘર આપની રાહ જોઇ રહ્યું છે.... સહપરિવાર જોવા પધારો




RERA Reg. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00941/071217

શિવાલય PARISAR
5 Rooms + Kitchen + Dining

besides shivalay residency,
opp. kanam-1, kudasan

exclusively marketed by:
tps The Property Shop
98980 29451, 99092 80666